**ચોટીલાના મહે. જયુડી. મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું.ચોટીલા.**

**ફોજદારી કેસ નં.૭૦૩/૨૦૨૬**
**આંક:-૦૪**

GJSN050010172026

**શ્રી સરકાર** ........ફરીયાદી

**વિરૂધ્ધ**

**ગણેશલાલ લક્ષ્મણભાઇ આહારી,**
રહે.કાનપુર, તા.ખેરવાડા, જી.ઉદયપુર(રાજસ્થાન). .......આરોપી

**ગુનો :- બી.એન.એસ. કલમ-૨૮૫ મુજબ.**

**-:: ઠરાવ::-**

(૧) આ કામના આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ. કલમ-૨૮૫** મુજબ અન્વયેના ગુન્હાનો આરોપ છે.

(૨) આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતાં, આરોપીને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ આરોપીની પ્લી ગુના સબબ નોંધતા આરોપીએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે.

(૩) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને હળવી સજા કરવી જોઇએ તેમ માનુ છું.

આરોપી સામેના આક્ષેપિત ગુનાનો પ્રકાર, તેમાં સજાનું પ્રમાણ, આરોપીની રજૂઆત, તેની પરિસ્થિતિ ધ્યાનમાં લેતા અને નામદાર ગુજરાતની વડી અદાલતે **૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ નટવરચંદ હીરાચંદ ઠાકોર**ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાનમાં લેતા આરોપીને હળવી સજા કરવાનું વ્યાજબી અને ન્યાયિક જણાતુ હોઇ, ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુકમ ::–</u>**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ મુજબ **બી.એન.એસ. કલમ–૨૮૫** મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા **રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા)**નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો દિવસ–૦૫ (પાંચ)ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૦મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ લોકઅદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૨૦/૦૬/૨૦૨૬
ચોટીલા

(પંકિત દિશાંત દવે)
પ્રિન્સીપાલ સિવિલ જજ અને
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ. ક.
ચોટીલા.
(જજ કોડ નં. જીજે૦૧૬૬૦)